GJSK060013552021

રે.દિ.મુ.નં.૦૨/૨૦૨૧

વાદીની કામચલાઉ મનાઈ હુકમ માટેની આંક–૫ ની અરજી લગત હુકમ

---

(૧) વાદીએ હાલની અરજી સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર–૩૯, રૂલ–૧, ૩ તથા કલમ–૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન સુધીનો કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) વાદીની હાલની આંક–૫ ની અરજી વંચાણે લીધી. તેમાં તેઓએ સદર અરજી કરી દાદ માંગેલ છે કે, મોજે ગામ પરોસડા, તા.વિજયનગર ની સીમમા જુના ખાતા નં. ૨૪ જુના સર્વે નં. ૧૦૨ જેનો નવો ખાતા નં ૪૭૫ નવા સર્વે નં.૧ ૨૬ થી હે.આરે.ચો.મી. ૦–૬૪–૮૭ આકાર ૧.૩૫ ની દાવાવાળી જમીન આ કામના સામાવાળા નં. ૧ નાઓ જાતે કે તેમના વાલી ,વારસો,નોકરો,ચાકરો એજન્ટો મળતીયાઓ પાવર ઓફ એટર્ની હોલ્ડરો અન્ય કોઈને વેચાણ કરે કરાવે નહી ,પ્રવેશ કરે કરાવે નહી કે બોજો દાખલ કરે કરાવે નહી તેવો આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ મનાઈહુકમ ફરમાવશો.

(૩) વાદીની હાલની અરજી અન્વયે આ કામના પ્રતિવાદીઓને નોટીસ કરતાં પ્રતિવાદી નં. ૧ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૧૧ થી દાવા અરજી તથા હાલની મનાઈ અરજી વિરુધ્ધ જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની દાવા

અરજીની તથા મનાઈ અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદીઓનો દાવો કાયદેસરનો અને સાચો નથી અને રદ થવાને પાત્ર છે. વાદીઓને આવો અને આવા પ્રકારનો કોઈ દાવો કરવાનો કાયદેસરનો કોઈ હકક કે અધિકાર નથી તેથી વાદીનો દાવો રદ થવા પાત્ર છે. વાદીઓના દાવાને લો–ઓફ લીમીટેશનનો બાધ નડતો હોઈ તે કારણે વાદીનો દાવો રદ થવા પાત્ર છે. ખરી હકીકતે જણાવે છે કે દાવાવાળી જમીનના વાદી નં. ૧૦ નાઓ સ્વંતત્ર માલિક કબજેદાર હતા અને દાવાવાળી જમીન સને–૨૦૦૬માં તેઓએ આ કામના પ્રતિવાદી નં. ૨નાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. પરંતુ કારણોવસાત તેઓ વચ્ચેનો વેચાણનો વ્યવહાર રદ થતા અમો દાવાવાળી જમીનના શેઢા પાડોશી હોઈ વાદી નં. ૧૦ નાએ આ જમીન અમોને વેચાણ આપવાનું જણાવતા અમોએ સદર જમીનના વેચાણનો અવેજ ચુકવી દાવાવાળી જમીન તા. ૧૭/૧/૨૦ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. અને જે અંગેની રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વિજયનગર સબ રજીસ્ટ્રાર ઓફીસ અનુક્રમ નં. ૮ થી તા. ૧૭/૧/૨૦ નારોજ નોધાયેલ છે. આ કાયદેસરના વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડે વેચાણ નોધ નં.૧૫૪૮ થી પાડવામાં આવેલ છે અને આ નોધ સક્ષમ અધિકારી દવારા પ્રમાણીત કરવામાં આવેલ છે. સદર જમીન વેચાણ રાખી તે દિવસથી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો પ્રતિવાદી નં. ૧ નો છે. અમો પ્રતિવાદી નં. ૧ ખેતી કરી ઉપજ લેતા આવેલા છીએ. આ કામના વાદીઓનો કોઈ હકક,હીત કે હિસ્સો આવેલ કે કબજો નથી આમ છતા ખોટો આર્થિક લાભ મેળવવા અમો ઉપર ગેરવ્યાજબી દબાણ લાવવા ખોટી હકીકતો ઉભી કરી હાલનો દાવો કરેલ છે અને તે દાવાના કામે વાદીઓને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો દાવાવાળી જમીન પરત્વેના અમારા હકકો માર્યા જાય અને અમોને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન જાય તેમ છે. આમ વાદીઓનો કોઈ

પ્રથમદર્શનીય કેસ નથી. વાદીઓને માગ્યા મુબજ કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો દાવાવાળી જમીનમાં વાદીઓનો કોઈ કબજો ભોગવટો ન હોઈ તેઓને કોઈ નુકશાન જાય તેમ નથી. જ્યારે માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવાામાં આવે તો અમો પ્રતિવાદી નં. ૧ ના કાયદેસરના હકકો માર્યા જાય અને પારાવાર નુકશાન જાય તેમ છે. જેથી વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ કોઈપણ દાદ મેળવવા વાદી હકકદાર નથી.

(૪) વાદીઓની હાલની અરજી અન્વયે આ કામના પ્રતિવાદીઓને નોટીસ કરતાં પ્રતિવાદી નં. ૨ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૧૨ થી દાવા અરજી તથા હાલની મનાઈ અરજી વિરુધ્ધ જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની દાવા અરજીની તથા મનાઈ અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદીઓનો દાવો કાયદેસરનો અને સાચો નથી અને રદ થવાને પાત્ર છે. વાદીઓને આવો અને આવા પ્રકારનો કોઈ દાવો કરવાનો કાયદેસરનો કોઈ હકક કે અધિકાર નથી તેથી વાદીનો દાવો રદ થવા પાત્ર છે. વાદીઓના દાવાને લો–ઓફ લીમીટેશનનો બાધ નડતો હોઈ તે કારણે વાદીનો દાવો રદ થવા પાત્ર છે. ખરી હકીકતે જણાવે છે કે પ્રતિવાદી નં. ૨ નાઓ એ દાવાવાળી જમીન આ કામના વાદી નં. ૧૦ પાસેથી સને–૨૦૦૬માં રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ અને જે અંગેની વેચાણ નોધ રેવન્યુ રેકર્ડે પાડવામાં આવેલ છે અને તે વખતે આ કામના વાદીઓએ ખોટો લાભ આર્થિક લાભ લેવાના હેતુ થી વેચાણ ની નોધ અંગે વાદીઓ પૈકી વાદી નં. ૧ ,૫,૬ ના ઓએ વાંધા અરજી આપતા આ અંગે ત્રાહીત માણસોની દરમ્યાનગીરી થી સમાધાન થયેલ અને આ કામના વાદીઓએ વેચાણ કિમત ઉપરાત વધારાની રકમ રૂા.૭૫,૦૦૦/– અમારી પાસેથી લીધેલી અને જે અંગેનું તેઓએ અમોને લખાણ કરી આપેલ અને તેઓનો વાંધો જતો કરેલ પરંતુ અમો રાજસ્થાનના હોઈ તેમજ અન્ય કારણસર સદર નોધ મંજુર થઈ શકે તેમ ન હોઈ

તેમજ દાવાવાળી જીમન અમારા નામે તબદીલ થઈ શકે તેમ ન હોઈ વાદી નં. ૧ ૦ નાઓએ સદર જમીન અંગે અમોને કરી આપેલ દસ્તાવેજ સબરજીસ્ટ્રાર ઓફીસે રદ કરી દાવાવાળી જમીનનો વેચાણ કિમતનો અવેજ પ્રતિવાદી નં. ૧ પાસેથી મેળવી તેઓને દાવાવાળી દસ્તાવેજ કરી આપેલ છે. જેથી વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ કોઈપણ દાદ મેળવવા વાદી હકકદાર નથી.

(૫) વાદી તરફે આ કામે આંક–૪ ના પુરાવા લીસ્ટથી નિ.૪/૧ થી નિ.૪/૫ સુધી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. તથા આ કામે આંક–૧૬ ના પુરાવા લીસ્ટથી નિ.૧૬/૧ થી નિ.૧૬/૬ સુધી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તે સિવાય અન્ય કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી.

(૬) પ્રતિવાદી તરફે આ કામે આંક–૧૩ ના પુરાવા લીસ્ટથી નિ.૧૩/૧ થી નિ.૧૩/૨ સુધી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. તે સિવાય અન્ય કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી.

(૭) આ કામે આંક–૧૫ થી વાદી નં. ૧ તરફે રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરી પ્રતિવાદીઓના લેખિત જવાબની હકીકતોનો ઈન્કાર કરી દાવામાં જણાવેલ મુજબની વિગતે દાદ માંગેલ છે.

ત્યાર બાદ આ કામે વાદી તથા પ્રતિવાદીઓના વિ. વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

(૮) આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ પક્ષ નિવેદનો તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં હાલની અરજીના ન્યાય નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–: મુદ્દા :–

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકસાન થવાની શકયતાઓ રહેલી છે ?

(૪) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

-: કારણો :-

મુદ્દા નંબર-૧ થી ૩ :-

(૧૦.૧) આ કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલ હોઈ, ઉપરોકત મુદ્દાઓના પુનરાર્વન ટાળવા સારુ તેના નિર્ણય માટેના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૧૦.૨) આ કામે વાદીઓ તરફે એવી રજુઆત છે કે, મોજે ગામ પરોસડા, તા.વિજયનગર ની સીમમા જુના ખાતા નં. ૨૪ જુના સર્વે નં. ૧૦૨ જેનો નવો ખાતા નં ૪૭૫ નવા સર્વે નં.૧૨૬ થી હે.આરે.ચો.મી. ૦-૬૪-૮૭ આકાર ૧. ૩૫ ની દાવાવાળી જમીન કબજો ભોગવટેદાર વાદી પોતે છે. જે સંબંધે વાદી તરફે આંક-૪ થી પુરાવા લીસ્ટ રજુ કરી નિ.૪/૧ થી નિ.૪/૬ સુધી દસ્તાવેજોની નકલ રજુ કરેલી છે. તથા આંક-૧૬ ના પુરાવા લીસ્ટથી નિ.૧૬/૧ થી નિ.૧૬/૬ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. તેમજ વાદીઓના જણાવ્યા મુજબ દાવાવાળી મિલકત ઉપર વાદીનો પ્રત્યક્ષ કબજો અને ભોગવટો છે. વાદીને કૌટુબીક વહેચણી થયેલી અને નોધ નં. ૪૮૮ થી વાદી નં. ૧૦ ભાગે

સદર દાવાવાળી જમીન આવેલી અને સદર જમીનમાં રોકટોક વીના પ્રત્યક્ષ કબજે ભોગવટે ખેતી કરતા આવેલા જયારે દાવાવાળી જમીન વારસાઈ થી આવેલી તેમજ સમગ્ર જમીનનો વેચાણ કરવાનો અધિકાર ન હોવા છતાં વાદી નં. ૧૦ નાએ પ્રતિવાદી નં. ૨ નાઓને બાકીઓના વાદીઓની સમંતી વગર વાવણી અર્થે જમીન આપેલી તેમજ અન્ય વાદીઓની અજાણમાં વાદી નં. ૧૦ ના એ પ્ર તિવાદી નં. ૨ નાઓને વેચાણ દસ્તાવેજ રૂ.૪૦,૦૦૦/- માં કરેલો જેની સામે વેચાણ રેવન્યુ રેકર્ડે નોધ નં. ૮૯૪ થી દાખલ થતા વાદી નં. ૧,૫ અને ૬નાએ વાંધા અરજી આપતા તકરારી કેસ દાખલ થયેલો જેથી સદર નોધ નં.૮૯૪ રદ કરવામાં આવે છે. અને વેચાણ અવેજની રકમ અમો વાદી ઓએ પ્ર તિવાદી નં. ૨ ને પરત કરેલી અને ત્યાર થી વાદીઓ ખેતી કરતા આવેલા છે તેમજ વાદી નં. ૧૦ મોટી ઉમંરના હોય અને યાદશકિત ઓછી થઈ ગયેલ હોય તેમજ નોધ નં. ૮૯૪ રદ થતા સમજુતી મુજબ અવેજની રકમ પ્રતિવાદી નં. ૨ નાએ સ્વિકારેલી હોય જેથી વેચાણ દસ્તાવેજ રદ કરવાનો થાય પરંતુ જે તે સમયે વેચાણ દસ્તાવેજ રદ કરાવેલ નહી. જેથી વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે વાદીનં. ૧૦ અને ૭ ને પ્રતિવાદી નં. ૨ સાથે વેચાણ દસ્તાવેજ નં. ૩૪૦ /૦૬ નો વેચાણ દસ્તાવેજ રદ કરવા રજીસ્ટર દસ્તાવેજ ૭ /૨૦ થી તા.૧૭/૧ /૨૦ ના રોજ દસ્તાવેજ કરવામાં આવેલ અને સદર દસ્તાવેજના આધારે નોધ નં. ૫૨૯ થી વેચાણ દસ્તાવેજ રદ કરવામાં આવેલ જયારે વાદી નં. ૧ ને જમીનના સાત બારના ઉતારાની જરૂર પડતા તે ઉતારા કઢાવતા તેમાં પ્રતિવા દી નં. ૧ નુ દાખલ થયેલું હતુ જેથી રેકર્ડ કઢાવતા તા.૧૭/૧/૨૦ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૮/૨૦ ના આધારે નોધ નં. ૧૫૪૮ થી વાદી નં. ૧૦ નું નામ કમી થઈ પ્રતિવાદી નં. ૧ નું નામ દાખલ થયેલ અને જે બાબતે વાદી નં. ૧ નાએ વાદી નં. ૧૦ ને વેચાણ દસ્તાવેજ બાબતે પુછતા તેઓને તે બાબતે કોઈ જાણ ન હતી આમ બંને દસ્તાવેજો એકજ દિવસે કરવામાં આવેલા અને વાદી

નં. ૧૦ નાઓને વેચાણ અવેજની રકમ રૂા૩,૭૦,૦૦૦/- ની રકમ ટુકડે ટુકડે પરોસડા મુકામે મળેલા હોવાની વિગતો જણાયેલી. જેથી પ્રતિવાદી નં. ૧૦ ને પુછતા તેઓને યાદ શકિત ના હોય જેથી પ્રતિવાદી નં. ૧ નો દસ્તાવેજ કરેલાનું જાણેલું પરંતુ પ્રતિવાદી નં. ૧૦ ને પુછતા તેઓ પ્રતિવાદી નં. ૧ ને ઓળખતા નથી. જેથી વાદી નં. ૧૦ ની યાદશકિતના અભાવનો ગેરલાભ લઈ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ૭/૨૦ માં સહીઓ કરાવતી વખતે વેચાણ દસ્તાવેજ નં. ૮/૨૦ માં પણ વાદી નં. ૧૦ ની સહીઓ કરાવેલી છે અને વેચાણ અવેજની રકમ રૂા૩,૭૦,૦૦૦/- ની રકમ ટુકડે ટુકડે પરોસડા મુકામે આપેલા ની હકીકત તદન ખોટી ઉભી કરેલી છે. આમ હાલના પ્રતિવાદી નં. ૧ ના એ ખોટી સહીઓ કરાવી નામ દાખલ કરેલ છે. આ સંજોગોમાં વાદીઓનો પોતાનો કેસ પ્રથમ દર્શનીય પુરવાર કરેલ છે. તેમજ સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં છે. જેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૧૦.૩) પ્રતિવાદીઓ તરફે એવી રજુઆત છે કે, દાવાવાળી જમીનના વાદી નં. ૧૦ નાઓ સ્વંતત્ર માલિક કબજેદાર હતા અને દાવાવાળી જમીન સને-૨૦૦૬માં તેઓએ આ કામના પ્રતિવાદી નં. ૨નાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. પરંતુ કારણોવસાત તેઓ વચ્ચેનો વેચાણનો વ્યવહાર રદ થતા અમો દાવાવાળી જમીનના શેઢા પાડોશી હોઈ વાદી નં.૧૦ નાએ આ જમીન અમો ને વેચાણ આપવાનું જણાવતા અમોએ સદર જમીનના વેચાણનો અવેજ ચુકવી દાવાવાળી જમીન તા.૧૭/૧/૨૦ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. અને જે અંગેની રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વિજયનગર સબ રજીસ્ટ્રાર ઓફીસ અનુક્રમ નં. ૮ થી તા. ૧૭/૧/૨૦ ના રોજ નોધાયેલ છે. આ કાયદેસરના વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડે વેચાણ નોધ નં.૧૫૪ ૮ થી પાડવામાં આવેલ છે અને આ નોધ સક્ષમ અધિકારી દવારા પ્રમાણીત

કરવામાં આવેલ છે. સદર જમીન વેચાણ રાખી તે દિવસથી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો પ્રતિવાદી નં. ૧ નો છે. વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ કોઈપણ દાદ મેળવવા વાદી હકકદાર નથી. દાવાવાળી જમીન આ કામના વાદી નં.૧૦ પાસેથી સને–૨૦૦૬માં રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ અને જે અંગેની વેચાણ નોધ રેવન્યુ રેકર્ડે પાડવામાં આવેલ છે અને તે વખતે આ કામના વાદીઓએ ખોટો લાભ આર્થિક લાભ લ ેવાના હેતુ થી વેચાણ ની નોધ અંગે વાદીઓ પૈકી વાદી નં. ૧,૫,૬ નાઓએ વાંધા અરજી આપતા આ અંગે ત્રાહીત માણસોની દરમ્યાનગીરી થી સમાધાન થયેલ અને આ કામના વાદીઓએ વેચાણ કિમત ઉપરાત વધાર ાની રકમ રૂા.૭૫,૦૦૦/–અમારી પાસેથી લીધેલી અને જે અંગેનું તેઓ એ અમોને લખાણ કરી આપેલ અને તેઓનો વાંધો જતો કરેલ પરંતુ અમો રાજસ્થાનના હોઈ તેમજ અન્ય કારણસર સદર નોધ મંજુર થઈ શકે તેમ ન હોઈ તેમજ દાવાવાળી જીમન અમારા નામે તબદીલ થઈ શકે તેમ ન હોઈ વાદી નં. ૧ ૦ નાઓએ સદર જમીન અંગે અમોને કરી આપેલ દસ્તાવેજ સબરજીસ્ટ્રાર ઓફીસે રદ કરી દાવાવાળી જમીનનો વેચાણ કિમતનો અવેજ પ્રતિવાદી નં. ૧ પાસેથી મેળવી તેઓને દાવાવાળી દસ્તાવેજ કરી આપેલ છે.વધુમાં પ્રતિવાદીઓ તરફે એવી રજુઆત કરેલ છે કે આ કામે વાદી નં. ૧૦ યાદશકિત ઓછી હોય કે તે બાબતે કોઈ સારવાર ચાલતી હોય તે બાબતના કોઈ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. વધુમાં જયારે પણ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે તે વખતે રેકોર્ડીગ પણ કરવામાં આવે છે. કેમેરાથી ફોટા પાડવામાં આવે છે. વધુમાં તે વેચાણ દસ્તાવેજની રેવન્યુ રેકર્ડે નોધ થયેલ છે. પ્રતિવાદી નં. ૧ સાથે દસ્તાવેજ થયો હોય તે દસ્તાવેજ ખોટો છે. તેવી કોઈ ફરીયાદ કરવામાં આવેલી નથી. તેમજ જો મનાઈ હુકમ આપવામા આવે તો ખોટા લીટીકેશનમાં પડવું પડે જેથી વાદીઓની કામચલાઉ મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૧૧) આમ આ કામે બન્ને પક્ષે રજુ થયેલ પક્ષ નિવેદનો રજુ થયેલ દસ્તાવેજો તથા રજુઆતો ધ્યાને લેતા આ કામના વાદી નં. ૧૦ નાઓએ સૌપ્રથમ પ્રતિવાદી નં. ૨ નાઓને દાવાવાળી જમીન વેચાણ આપેલી છે. જયારે પ્રતિવાદી નં. ૨ ને આપેલી વેચાણ દસ્તાવેજ ની નોધ વખતે આ કામના વાદી નં. ૧,૫,૬ ના એ વાંધા અરજી આપતા નોધ નં. ૮૯૪ રદ થયેલી છે. વધુમાં આ કામે રજી. વેચાણ દસ્તાવેજ નં. ૭/૨૦ વેચાણ દસ્તાવેજ રદ કરવા માટેનો દસ્તાવેજ કરવામાં આવેલો છે. જેમાં એ હકીકત લખેલી છે કે અમો લખી આપનાર મોજે- રાજસ્થાનના વતની હોય તેમજ તમો લખાવી લેનાર પુત્રોએ વાંધા અરજી આપેલી હોય સદર નોંધ રદ થયેલ અને વેચાણ રાખેલ જમીન રેકર્ડે અમારા નામે તબદીલ થઈ શકે તેમ ના હોય સદર વેચાણ વ્યવહાર પરસ્પર સમંતીથી રદ કરવામાં આવેલ છે. જે વચોણની અવેજ રૂા. ચાલીસ હજાર લખાવી લેનારે લખી આપનારને પરત કરી દીધેલ છે. સદર દસ્તાવેજ વાદી તરફે નિશાની ૧૬/૧ થી રજુ થયેલો છે. વધુમાં આ કામે વાદી તરફે નિશાની ૪/૫ થી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૮/૨૦ નો રજુ કરેલો છે. જેમાં વાદી નં. ૧૦ નાએ પ્રતિવાદી નં. ૧ ને રૂા.૩,૭૦,૦૦૦/- માં વેચાણ આપેલ છે. તેવુ તેઓએ જણાવેલું છે. આમ વાદી માત્ર એવું હાલના તબકકે જણાવે છે કે પ્રતિવાદી નં. ૧૦ ની યાદશકિત ઓછી હોય તેવા કારણોસર પ્રતિવાદીનં .૧ નાને ખોટી રીતે વેચાણ દસ્તાવેજ કરી દીધેલ છે. તે હકીકત આ તબકકે માની શકાય તેમ નથી. કારણ કે વાદી ના જણાવ્યા મુજબ વાદી નં.૭ ની સાથે વાદી નં.૧૦ નાઓ સાથે ગયેલાનું જણાવેલ છે. વધુમાં રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮/૨૦ વાળો દસ્તાવેજ વિજયનગર સબ રજીસ્ટ્રારની કચેરીમાં કરવામાં આવેલો છે અને સદર દસ્તાવેજ વખતે રજીસ્ટ્રારની હાજરીમાં દસ્તાવેજ બાબતની કબુલાતો વગેરે તેમજ ઓળખ આપનારના ને પ્રશ્ન પુછવામાં આવે છે તેમજ લખી આપનારને પણ પ્રશ્ન પુછવામાં આવે છે. તેનું પરિશીષ્ટ પણ દસ્તાવેજ વખતે રજુ થયેલું છે. આમ, દાવાવાળી મિલકત

રજીસ્ટર દસ્તાવેજ થી કરેલી છે. આમ વેચાતણ કરારથી પ્રતિવાદી નં. ૧૦ ના એ પ્રતિવાદી નં. ૧ ને કરી આપેલ છે. જેથી આ તમામ દસ્તાવેજી પુરાવા જોતાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં નથી. જેથી વાદીનો કેસ પ્રથમ દર્શનીય કેસ નથી. તેમજ સગવડતા અગવડતાની સમતુલા વાદી કરતા પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનું જણાઈ આવે છે. તે સંજોગોમાં વાદીને હાલની અરજીમાં માગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવો ન્યાયોચીત જણાતુ નથી. આમ, રજુ કરેલ સમગ્ર રેકર્ડ ઉપરના પુરાવા, સંજોગો અને હકીકતોને ધ્યાને લેતાં મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

૧) વાદીની હાલની આંક.૦૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તા.૨૪ મી, માહે–ડીસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સહી/– એસ.ડી.
(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)
પ્રિન્સી. સીવીલ જજ, વિજયનગર.
(જજ કોડ નં.જી.જે.૦૧૪૬૧)

તા.૨૪–૧૨–૨૦૨૧
મુ.વિજયનગર.

//S.C.P..//